## <u>NSS Coordinator માટે પરીક્ષાનો કાર્યક્રમ</u>

પરીક્ષાની તારીખ: ૨૨/૧૦/૨૦૨૩

પરીક્ષાનો સમય: બપોરે ૧૨:૦૦ થી ૦૧:૩૦

રીપોર્ટીંગ સમય: ૧૧:૦૦ કલાકે

પરીક્ષાનું સ્થળ: ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી,

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

<u>ઉમેદવારોને પરીક્ષાલક્ષી અગત્યની સૂચનાઓ:</u>

૧. ઉમેદવારે પરીક્ષા માટે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે

૨. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારે યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરેલ કોલ લેટર કમ પ્રવેશપત્રમાં પોતાનો કલર ફોટો ચોટાડી સાથે અચુક લાવવાનો રહેશે, અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલ હોય તદ્દન તેવો જ ફોટો હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે.

૩. બેન્ચમાર્ક ડીસએબીલીટી અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો જેમને લહીયા/વાચકની જરુરીયાત હોય તેવા ઉમેદવારોએ કુલસચિવને જરુરીયાત મુજબના આધાર પુરાવા સાથે અરજી કરીને લહિયા/વાચક રાખવા માટેની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.મંજુરી વગર લહિયા/વાચકની સુવિધા મળશે નહિ.

૪. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઉમેદવારની ઓળખ માટે ઇલેકશન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ,પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઇપણ એક ફોટો ઓળખપત્ર અસલમાં સાથે રાખવાનું રહેશે, જે માંગે ત્યારે બતાવવાનું રહેશે.

૫. ઉમેદવારને પરીક્ષાખંડમાં જે **OMR Sheet** આપવામાં આવશે, તેની ઉપર નિયત કરેલ જગ્યાએ ઉમેદવારે સહી ફરજિયાતપણે કરવાની રહેશે.

૬. આપને ફાળવેલ ઉપરોકત પરીક્ષા કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર ખાતે પરીક્ષાના દિવસે સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે. અને સિક્યુરીટી સ્ટાફ ધ્વારા ફીસ્કિંગ () થયા બાદ આપને ફાળવેલ વર્ગખંડમાં આપની બેઠક ઉપર ૧૧:30 કલાકે હાજર થવાનું રહેશે.

૭. ૧૧:30 કલાક પછી ઉમેદવારને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહી.

૮. ઉમેદવારોએ આપવામાં આવેલ **OMR sheet** માં **registration ID** આંકડામાં દર્શાવવાનો રહેશે તથા **OMR** માં જે તે પ્રશ્નના ક્રમ સામે દર્શાવેલ ઉત્તર **A B C D** પૈકી યોગ્ય જવાબના ખાનામાં ૦ માં બ્લુ/બ્લેક બોલ પેનથી સંપૂર્ણ ● આ પ્રમાણે ઘૂંટીને યોગ્ય જવાબ દર્શાવવાનો રહેશે.

૯. ઉમેદવાર જો **OMR** શીટ ભરવામાં ભૂલ કરશે તો **OMR** રદ ગણીને કોમ્પ્યુટર દ્વારા ચકાસણી થશે નહી, જેની જવાબદારી ઉમેદવારની રહેશે. ઉત્તરપત્ર ઉપર અન્ય કોઇ લખાણ કે ઓળખ અંગેના ચિહ્ન કરવા નહીં અન્યથા ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવશે.

૧૦. **OMR sheet** માં લખવા માટે બ્લુ/બ્લેક રંગની બોલ પેનનો જ ઉપયોગ કરવો અન્ય રંગની બોલપેનનો ઉપયોગ પ્રતિબંધિત છે.પેન્સિલનો ઉપયોગ કર્યો હશે તો ક્ષતિયુકત **OMR** રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહી. જેની જવાબદારી ઉમેદવારની રહેશે. **White Ink** નો ઉપયોગ પ્રતિબંધિત છે.

૧૧. ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં કોલ લેટરની નીચેના ભાગનું અડધિયું તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી પોતાની **OMR Sheet** પરીક્ષા ખંડના નિરીક્ષકશ્રીને પરત સોંપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે, તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને ફોજદારી સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર બનશે.

૧૨. ઉમેદવાર પરીક્ષાખંડમાં પ્રવેશપત્ર પેન, સાદી કાંટાવાળી ઘડીયાળ અને ઓળખના અસલ પુરાવા સિવાય કોઇપણ ચીજ સાથે રાખી શકશે નહિ. ઉમેદવારે કોઈ પણ પુસ્તક, કાગળ, સાહિત્ય, સ્માર્ટવોચ, મોબાઇલ (સ્વીચઓફ કે સાયલેન્ટ મોડમાં કરેલ હશે તો પણ) કેલક્યુલેટર, બ્લ્યુટૂથ, ઇયરફોન વિગેરે જેવા કોઇ પણ વિજાણું સાધનો રાખવા નહી. આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવી તો આપ ગેરલાયક ઠરશો. ઉપરાંત, આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે અને શિસ્તભંગના ફોજદારી પગલાને પાત્ર પણ ઠરશો.

૧૩. ઉમેદવારે રફકામ પુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહી તેમજ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

૧૪. ઉમેદવાર ગેરરીતી/ ગેરશિસ્ત આચરતા જણાશે, તો ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલા સહીતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

૧૫. ઉમેદવારોને લાંચ, રુશ્વત, લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધ કરવામાં આવે છે.

૧૬. પરીક્ષા ચાલુ થયા પછી જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઇપણ ઉમેદવાર પરીક્ષા વર્ગખંડ છોડી શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થતા વર્ગખંડ નિરીક્ષક રજા આપે ત્યારબાદ જ ઉમેદવારે વર્ગખંડ છોડવાનો રહેશે. ઉમેદવારો માટે પીવાના પાણીની સગવડ વર્ગખંડમાં કરવામાં આવેલ છે.

૧૭. યુનિવર્સિટી  તરફથી વખતોવખત જે ચુકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૮. **OMR** પદ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક, અધૂરું ઘુટેલ વર્તુળ તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લઇને ખોટા, છેકછાકવાળા, અધૂરું ઘુટેલવર્તુળ, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા ખાલી છોડી દીધેલ જવાબને ધ્યાને લેવામાં આવશે નહી.

૧૯. ઈન્ટરવ્યું માં લેખિત પરીક્ષાના ગુણ ધ્યાને લેવામાં આવશે નહી.

૨૦. સદર જાહેરાત અન્વયે ૦૧ જગ્યા હોઈ મેરીટ માં આવનાર ઉમેદવારો પૈકી ૧:૧૦ ના ગુણોત્તરને ધ્યાને લઇને લેખિત પરીક્ષાના મેરીટમાં આવનાર પ્રથમ ૧૦ ઉમેદવારોને ઈન્ટરવ્યું માટે બોલાવવામાં આવશે.

૨૧. ઉમેદવારોને વખતો વખતની સુચના માટે વેબસાઈટ જોતા રહેવા જણાવવામાં આવે છે.

૨૨. પરીક્ષા અંગે ઉપસ્થિત થનાર કોઈ પણ પ્રશ્ન અંગે કુલપતિશ્રી નો નિર્ણય આખરી ગણાશે અને કાયદાકીય ક્ષેત્ર પાટણ રહેશે.

૨૩. પરીક્ષા ખંડમાં ધુમ્રપાન / માવા-તમાકુ / ચા-કોફીનું સેવન પર સંપૂર્ણ નિષેધ છે.

**NSS Coordinator** માટે પરીક્ષા પેટર્ન: લેખિત પરીક્ષા માટેની પરીક્ષા પેટર્ન નીચે મુજબ છે:-

૧. પરીક્ષા ઓબજેકટીવ પ્રકારની હશે.

૨. પ્રશ્નો બહુવિધ પ્રકારના પસંદગીના પ્રશ્નો (MCQs) ના રૂપમાં હશે.

3. આ પરીક્ષા માટે મહત્તમ ગુણ ૧૦૦ રહેશે.

૪. આ પરીક્ષામાં કુલ પ્રશ્નો ૧૦૦ હશે.

૫. આ પરીક્ષા માટે ફાળવેલ સમય 1½ કલાક (90 મિનીટ) નો રહેશે.